

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ


સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-23 ■ તા. 22-6-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## વિશ્વમાં ઉથલપાથલ વચ્ચે પુતિનની ભારત સાથેના સંબંધો અંગે મોટી જાહેરાત, ઓઈલ-ગેસ પર ફોકસ



રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને મોટી જાહેરાત કરતાં કહ્યું કે ૨૦૩૦ સુધી ભારત સાથે લાંબા ગાળાના આર્થિક સહયોગ માટે મોસ્કોના વર્કિંગ પ્લાનને ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ અપાશે. 'સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમ'ના એક સત્રને સંબોધતા પુતિને એલાન કર્યું કે રશિયા ભારત સહિત તેના મુખ્ય ભાગીદારો સાથે લાંબા ગાળાના આર્થિક સહયોગને લગતી યોજનાઓને આગળ ધપાવવા માટે કામ કરી રહ્યું છે.

પ્રમુખ પુતિને કહ્યું કે, "અમે અમારા મુખ્ય ભાગીદારો સાથે લાંબા ગાળાની સહયોગી યોજનાઓ બનાવવા માટે સંમત થયા છીએ. તેમણે ભાર મૂક્યો કે ભારત જેવા દેશો સાથેના વર્કિંગ પ્લાન ટૂંક સમયમાં ફાઈનલ થવા જોઈએ." રશિયાન પ્રમુખે કહ્યું કે, "અમે ઓઈલ અને ગેસ નિકાસને વધારવા માટે પહેલાથી જ એક લક્ષ્ય નક્કી કર્યું છે. જેને પ્રાપ્ત કરવા માટે, અમે ભાગીદારો સાથે સંબંધો વિકસાવીશું, વેપાર અવરોધો દૂર કરીશું, નવા બજારો શોધીશું, માળખાગત સુવિધાઓનું નિર્માણ કરીશું અને રોકાણો વધારીશું." જોકે પુતિને એ વાત નકારી કાઢી હતી કે ચીન અને રશિયા એક નવી મલ્ટી લેયર વર્લ્ડ સિસ્ટમ બનાવી રહ્યા છે.

પુતિને કહ્યું કે, 'ઉગતા સૂર્યની જેમ એક નવી વિશ્વ વ્યવસ્થા કુદરતી રીતે ઉભરી રહી છે. તેને રોકવાનો કોઈ રસ્તો નથી, અમારી ભૂમિકા આ પ્રક્રિયાને ઔપચારિક બનાવવાની અને તેને સરળ બનાવવાની છે, જેથી ખાતરી કરી શકાય કે તે મોટાભાગના દેશોના હિતોને ધ્યાનમાં લેતા વધુ સંતુલિત રીતે વિકાસ પામે.' SPIEF માં ભારતનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કર્યું હતું.

## ગુજરાતમાં મેઘમહેરઃ દાહોદમાં નદીના ધસમસતા પ્રવાહમાં ફસાયો યુવક, પાનમ નદીમાં પૂર જેવી સ્થિતિ

ચોમાસાની ઋતુ શરુ થતાંની સાથે જ ગત ચોવીસ કલાકમાં સૌથી વધુ વરસાદ પંચમહાલના જાંબુઘોડામાં પડ્યો છે. પંચમહાલમાં સાર્વત્રિક વરસાદના લીધે નદીઓમાં નવા નીરની આવક થઇ છે. ત્યારે દાહોદની પાનમ નદીમાં યુવક તણાયાની ઘટના બની હતી. જોકે ફાયર વિભાગની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન કરી યુવકને હેમખેમ જીવતો બચાવી લીધો હતો. હાલમાં દાહોદ-પંચમહાલ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબક્યો છે. જેના કારણે પાનમ નદીમાં પૂરની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે ચારો લેવા ગયેલો યુવક નદીના પ્રવાહમાં તણાઇ જતાં દોડધામ મચી જવા પામી હતી. જોકે નદીમાં વચ્ચે પથ્થર હોવાથી યુવકે ચપળતા પૂર્વક પથ્થરને પકડી પાડી તેની પર બેસી ગયો હતો. ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર વિભાગની ટીમ દોડી આવી હતી અને યુવકને રેસ્ક્યૂ કરી બચાવી લેવામાં આવ્યો હતો.

## ગૌ વ્રત સંકલ્પ સમિતિ ગુજરાત દ્વારા ડીસા નગરમાં શ્રી જલારામ બાપા ના મંદિર ખાતે ઉજવાશે શ્રી જગન્નાથ ભગવાનનો અષાઢી બીજ મહા ઉત્સવ



સનાતન ધર્મ ની રક્ષાર્થે તથા ઘર ઘર ગૌ માતા,,,ઘર ઘર ગીતા જ્ઞાન પ્રચાર હેતુ ,,,,અષાઢી બીજ ના દિવસે સુખદેવ સેવા સંસ્થાન ના આચાર્ય પૂજ્ય શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ વિધાન થી સમગ્ર જન સમુદાયના આત્મકલ્યાણ માટે તથા શ્રી કૃષ્ણ ભગવાનની આરાધ્યા શ્રી ગૌમાતા ની સેવાર્થે ધાર્મિક ઉત્સવ નું આયોજન હાથ ધરાયું છે,,,, વિગત માહિતી અનુસાર સવારે સાડા સાત કલાકે પાટણના શ્રી અવનીબેન પ્રજાપતિ તથા સુરેશભાઈ ખત્રી સંગીત ગ્રુપ દ્વારા શ્રી હરિ કીર્તન તથા સંગીતમય ધાર્મિક સ્તોત્રો નું ગાન કરવામાં આવશે ત્યારબાદ પંડિત શ્રી રમેશભાઈ એમ દવે ના વિદ્વાન ભૂદેવ મંડળ દ્વારા ભગવાન જગન્નાથનો દિવ્ય મહાયજ્ઞ કરવામાં આવશે તથા જગન્નાથ ભગવાનને ગૌ વ્રતી એટલે કે ગાયના દૂધ ઘી માંથી ઠાકોરજીને રાજભોગ પ્રસાદ ધરાવવામાં કરવામાં આવશે ,,,તે પ્રસાદ દરેક ગૌભક્તોને ભોજન સ્વરૂપે અર્પણ કરવામાં આવશે મહાયજ્ઞ માં ડીસા નગરના જાણીતા શ્રી વિષ્ણુદાન ગઢવી સાહેબ,, શ્રી ચંદુભાઈ સોની સિલ્વર,,, શ્રી હિતેશભાઈ સોની,, શ્રી પ્રિતેશભાઈ સોની,, શ્રી રોહિતભાઈ સોની શ્રી મહેશભાઈ સોની,,, શ્રી ગીતાબેન મોદી,,શ્રી સેજલ બેન પરમાર શ્રી ભગીરથભાઈ સુથાર,, શ્રી અમૃતભાઈ પટેલ,, શ્રી જયેશભાઈ સોની શ્રી પરથીભાઇ ચૌધરી શ્રી એન ટી રાઠોડ,, શ્રી રમેશભાઈ પટેલ ,શ્રી વિજયભાઈ ઠાકોર, કિશોરભાઈ ચૌહાણ શ્રી બાબુભાઈ પટેલ સંડેર,, શ્રી અજયભાઈ તથા મહેન્દ્રભાઈ સહિત ડીસા નગરના પ્રતિષ્ઠિત સોના ચાંદી જ્વેલર્સ પરિવારના વેપારીઓ મુખ્ય યજમાન પદે મહાયજ્ઞમાં બિરાજમાન થશે,, આ શુભ પ્રસંગે કોસંબા,,ખરચ શ્રી મેલડી માતાના પરમ ઉપાસક શ્રી ભાવિકાબેન દરબાર ,,, ડોક્ટર શ્રી રાધા બેન પટેલ,, પાલનપુર શહેરના પ્રતિષ્ઠિત સમાજ સેવક ડોક્ટર શ્રી સુરેન્દ્રભાઈ ગુપ્તા સાહેબ,,, ગૌભક્ત શ્રી હેમજી ભાઈ ચૌધરી,, રાજકીય આગેવાન શ્રી ભારત સિંહ ભટેસરિયા સાહેબ ,, શ્રી મનીષભાઈ શેઠ ,, શ્રી નારાયણભાઈ ભારત,,ગૌભક્ત સમાજસેવક શ્રી ભગવાન ભાઈ બંધુ ,, શ્રી મુકેશભાઈ તથા બ્રહ્મ સમાજના આગેવાન શ્રીમાન મહેશભાઈ કે દવે એવમ મામલતદાર શ્રી વિપુલભાઈ બારોટ સહિત મુખ્ય મહેમાન તરીકે મહાઉત્સવમાં ઉપસ્થિત રહેશે સહ પૂજ્ય મહંત શ્રી રામ રતનજી બાપુના સમસ્ત ગૌભક્તોને શુભ આશીર્વાદ ,, આ મહાન ઉત્સવમાં ગૌ વ્રત સમિતિ ગુજરાતના અધ્યક્ષ શ્રી રામભાઈ રાજપુત એવમ શ્રી નરપતભાઈ બારોટ દ્વારા સમસ્ત સનાતન હિન્દુ હરિભક્તોનું સહભાગી થવા હેતુ આહવાન કર્યું છે,,, આ સંપૂર્ણ કાર્યક્રમ નું સંચાલન થરાદ શહેરના શ્રી સંજયભાઈ ત્રિવેદી તથા સુરેશભાઈ દેવ વાળા દ્વારા કરવામાં આવશે,,, સહભાગી યજમાન શ્રી સમયસર કાર્યક્રમમાં ઉપસ્થિતિ દર્શાવે તેવી સંસ્થાના સંચાલક શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજ દ્વારા વિનંતી,, જગન્નાથ મહા રથ યાત્રા પર્વ પર સર્વેને ગૌ ભક્તો હરી વંદન,,






કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી તા. ૨૧ જૂન ૨૦૨૫★ કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. સંસ્કૃત વિભાગના અધ્યાપિકા ડૉ. હીતાબેન રાજ્યગુરુ દ્વારા યોગ અને આસન કરાવવામાં આવ્યા હતા.જેમાં દ્વજીજી ના સ્વયંસેવકો,સ્ટાફગણ અને કૉલેજના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ.એ.જે.મકવાણા સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.



વામનબંધુ ફાઉન્ડેશન - આણંદ દ્વારા નરેન્દ્ર મોદી વિચાર મંચ મહિલા શાખા - આણંદ ના સહયોગથી સ્લમ ( ઝૂંપડપટ્ટી ) વિસ્તારમાં છેલ્લા આઠ વર્ષથી ગરીબ બાળકોને નિઃશુલ્ક અભ્યાસ કરાવતા હીનાબેન તડવીની ટેરેસ શાળામાં ફુલસ્કેપ ચોપડા અને કંપાસ , ફુટપટ્ટી , રબર વિગેરેની શૈક્ષણિક કીટ નું વામનબંધુ ફાઉન્ડેશનના પ્રમુખ દલસુખભાઈ પી. પ્રજાપતિ , ટ્રસ્ટી લા. દિપકભાઈ કે. શાહ , સલાહકાર સભ્ય કૃષ્ણકાંત જી . શાહ ( પ્રમુખ : સિ. સિ. ફોરમ - આણંદ, ) શ્રીમતિ કામિનીબેન દિલીપભાઈ પટેલ ( અમરદીપ યુવક મંડળ - માનિયાની ખાડ , આણંદ )અને નરેન્દ્ર મોદી વિચાર મંચ , ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતિ અલ્પાબેન કંદર્પભાઈ મહેતા ના માર્ગદર્શન હેઠળ આણંદ મહિલા શાખાના પ્રમુખ ખુશ્બુ સંઘવી અને સભ્ય બહેનોના વરદ હસ્તે નિ .શુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ટેરેસ શાળાની શિક્ષિકા હીનાબેન તડવીનું વામનબંધુ ફાઉન્ડેશન ના સલાહકાર સભ્ય શ્રીમતિ કામિનીબેન દિલીપભાઈ પટેલ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ ના પ્રદેશ મંત્રી શ્રીમતિ અલ્પાબેન કે. મહેતાના વરદ્હસ્તે ઉપરણાથી સન્માન કરીને હિનાબેન તડવીની સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચ મહિલા પ્રદેશ મંત્રી શ્રીમતિ અલ્પાબેન કે. મહેતાનું વામનબંધુ ફાઉન્ડેશનના સલાહકાર સભ્ય શ્રીમતિ કામિનીબેન ડી. પટેલ અને હિનાબેન તડવીએ ઉપરણાથી સન્માન કરી તેમની સેવાઓને બિરદાવી હતી. ટેરેસ શાળાના હિનાબેન તડવીએ સૌનો આભાર માન્યો હતો.

## સ્વસ્થ ગુજરાત, મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં આજે વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગાભ્યાસ કર્યો

સ્વસ્થ ગુજરાત, મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં આજે વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગાભ્યાસ કર્યો. આપણા ઋષિમુનિઓએ માણસજાતને આપેલી વિરાસત એ યોગ છે. યોગ એ માત્ર આસનોની ક્રિયા જ નહીં, મન અને આત્માની સંવાદિતતા સાધનારી સાધના છે. વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા દરેક ગામ માં યોગા કરવામા આવ્યા

વિશ્વ યોગ દિવસે સાબરકાંઠા જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જુદા જુદા ગામોમાં ગામની વચ્ચે ભાગોળમાં ચોકમાં ચીફ કમિશ્નરશ્રી અતુલભાઇ દીક્ષિત ના માર્ગદર્શન થી યોગનું મહત્વ જણાવી યોગથી શું શું ફાયદો થાય છે તે પ્રત્યક્ષ નિદર્શન સ્કાઉટ ગાઈડ બાળકો એ જાહેર જનતાને વિનંતી કરી તમારી જિંદગી રોગથી મુક્ત કરવી હોય તો તમારા જીવનમાં રોજ સવારે અડધો કલાક યોગને મહત્વ આપશો તો તમારું સ્વાસ્થ્ય સુખમય બની રહેશે.હિમતનગરમાં પોલિસ પરેડ રાજયમંત્રીશ્રીભિખુસિહ,સાંસદ શોભનાબહેન,ધારાસભ્ય વિનેન્દ્રસિહ,કલેક્ટર,ડીડીઓ તેમજ મોતીપુરા પ્રાથમિકશાળા અને જૈનાચાર્ય આનન્દધનસુરિ વિધ્યાલય અને હિમહાઈસ્કુલના સ્કાઊટ અને ગાઈડએ તથા રેન્જર કમિશ્નર સોનલ ડામોર,ટ્રેનિગ કમિશ્નર વૈશાલી પટેલ, મદદનીશ જિલ્લા ગાઈડ કમિશ્નર નિપૂર્ણા શાહ,કબ કમિશ્નર કલ્પના નિનામાએ ભાગ લીધો હતો.

સમગ્ર સાબરકાંઠા જિલ્લા માં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોગકાર્યક્રમ

રાયગઢ તાલુકો હિંમતનગર મુકામે શ્રી એન જી જોશી હાઇસ્કુલના સ્કાઉટ માસ્ટર મહોબતસિંહ અને ગાઈડ કેપ્ટન અલકાબેન પટેલ દ્વારા સ્કાઉટ ગાઈડ બાળકો ને ભૈરવદાદા ચોક માં યોગ કરાવી જનજાગૃતિ કાર્યક્રમ યોજયો. મોતીપુરા પ્રાથમિક શાળા તાલુકો હિંમતનગર મુકામે ગાઈડ કેપ્ટન વૈશાલીબેન પટેલ

બામણા તાલુકો હિંમતનગર શ્રી ડી એમ બી પી હાઈસ્કૂલ ના કાઉન્ટ માસ્ટર વિષ્ણુભાઈ સોલંકી દ્વારા વકતાપુર તાલુકો હિંમતનગર સંઘવી શ્રી કે કે કે કોઠારી હાઈસ્કુલ ના સ્કાઉટ માસ્ટર ફરીદભાઈ મનસુરી દ્વારા કરોલ પ્રાથમિક શાળાના સ્કાઉટ માસ્ટર શૈલેષભાઈ પટેલ દ્વારા પ્રાથમિક શાળાના ગાઈડ કેપ્ટન બીજલબેન સુથાર દ્વારા ગાંઠિયોલ તાલુકો ઈડર પ્રાથમિક શાળા ના સ્કાઉટ માસ્ટર હરેશભાઈ ચૌધરી દ્વારા ગામ દેમતી મેરા તાલુકો પોશીના પ્રાથમિક શાળાના સ્કાઉટ માસ્ટર અતુલભાઇ ડામોર ભેટાલી તાલુકો ભિલોડા આશ્રમશાળા ના ગાઈડ કેપ્ટન કૈલાશબેન નીનામા દ્વારા ધરોલા જિલ્લા અરવલ્લી સ્કાઉટ માસ્ટર જીવાજી માલવિયા દ્વારા સ્કાઉટ ગાઈડ બાળકો ને યોગ કરાવી જનજાગૃતિ કાર્યક્રમ યોજ્યો.સ્કાઉટ જિલ્લા ઉપપ્રમુખ ચૈતન્ય ભટ્ટ, હિંમતનગર શહેર ના આગેવાન શ્રી વિઠ્ઠલભાઈ પ્રજાપતિ અને નગરપાલિકા ઉપપ્રમુખ સવજીભાઈ ભાટી રાયગઢ સરપંચ જેશીંગભાઈ, કેળવણી મંડલ પ્રમુખ વી.ડી.પટેલ, આચર્ય ભરવાડ તથા અન્ય ગામ-શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.




આજ તા.૨૧ મી જૂન ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત સરકારી વિનયન કૉલેજ અમીરગઢ ખાતે ભારત સરકારના આયુષ મંત્રાલય અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંકલનમાં રહી એન.એસ.એસ. વિભાગ દ્વારા 'યોગસંગમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અત્રેની કૉલેજના વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ. ના સ્વયંસેવકોએ તેમજ સ્ટાફમિત્રોએ સામૂહિક યૌગિક ક્રિયાઓ તથા સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર તાડાસન, વૃક્ષાસન, મયૂરાસન, અર્ધ હલાસન તેમજ નૌકાસન વગેરે આસનો કરાવવામાં આવ્યાં હતા. આ સમગ્ર કાર્યક્રમમાં ૩૦ વિદ્યાર્થીનીઓએ તથા ૨૮ વિદ્યાર્થી ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ સ્ટાફમિત્રોએ સારો સહકાર આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કૉલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા કૉલેજના આચાર્યશ્રી ડૉ. એન. કે. સોનારાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ....

# ધિરાણદારો, બેંકોને પ્રોજેક્ટ ફાઈનાન્સ અંગેની જોગવાઈ પર રિઝર્વ બેંકની રાહત

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ પ્રોજેક્ટ ફાઈનાન્સ ધોરણોને હળવા કર્યા છે, કન્સ્ટ્રકશન દરમિયાનની જોગવાઈ પાંચ ટકાથી ઘટાડીને એક ટકા કરી છે : નવા નિયમો ૧લી ઓકટોબરથી અમલી બનશે : સુધારેલા ધોરણોનો હેતુ ઈન્ફ્રાસ્ટ્રકચર ધિરાણ વૃદ્ધિને ટેકો આપતી વખતે જોખમને સંતુલિત કરવાનો છેબેંકિંગ ક્ષેત્રને નોંધપાત્ર રાહત આપતાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ કન્સ્ટ્રકશન તબક્કામાં પ્રોજેક્ટ ફાઈનાન્સ માટે જોગવાઈની જરૂરીયાત પાંચ ટકાના અગાઉના પ્રસ્તાવથી ઘટાડીને એક ટકા કરી છે. આ સંબંધિત જારી કરાયેલી એક અંતિમ માર્ગદર્શિકામાં, બેંકિંગ નિયમનકારે કમર્શિયલ રિયલ એસ્ટેટના કન્સ્ટ્રકશનના તબક્કામાં જોગવાઈની જરૂરીયાતમાં ૨૫ બેઝિઝ પોઈન્ટનો વધારો કર્યો છે.એટલે કે, ધિરાણકર્તાએ કમર્શિયલ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટનના કન્સ્ટ્રકશન તબક્કામાં ૧.૨૫ ટકા (અગાઉ એક ટકા) અને વ્યાજ તેમ જ મુદ્દલની ચૂકવણી શરૂ થયા પછી-ઓપરેશનલ તબક્કામાં એક ટકા (૦.૭૫ ટકા અગાઉ)ની સામાન્ય જોગવાઈ જાળવી રાખવી પડશે.કમર્શિયલ રિયલ એસ્ટેટ-રહેણાંક આવાસ પ્રોજેક્ટના કિસ્સામાં, જોગવાઈની જરૂરીયાત એક ટકા કન્સ્ટ્રકશન અને ઓપરેશનલ તબક્કા માટે ૦.૭૫ ટકા રહેશે.બાકીના તમામ માટે, કન્સ્ટ્રકશન તબક્કા દરમિયાન એક ટકા અને કાર્યકારી તબક્કા માટે ૦.૪૦ ટકાની જોગવાઈ જાળવી રાખવી પડશે.


# એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને એકાવન લાખની સહાય



તારીખ ૧૨/૬/૨૫ નો દીવસ ભારતીય વિમાની સેવા માટે અત્યંત ગોઝારો સાબિત થયો. વિશ્વની વિમાની દુઘર્ટનાની તવારીખમાં આ દીવસ ક્યારેય નહી ભૂલાય. અમદાવાદ થી લંડન જવા ટેકઓફ થયેલી ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી જેમાં પ્રાપ્ત માહિતી અનુસાર ૨૭૦ લોકોનાં કરુણ મોત નિપજ્યા છે. ઘટના સમગ્ર વિશ્વ માટે આઘાતજનક છે. પૂજ્ય મોરારીબાપુ આ કરુણ બનાવથી વ્યથિત થયા હતા. તારીખ ૧૩/૬/૨૫ નાં રોજ તલગાજરડા ખાતે અત્યંત સાદગીપૂર્ણ રીતે એક ભંડારાનું આયોજન કરાયું હતું અને તે ભંડારો પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને સમર્પિત કર્યો હતો. એ ઉપરાંત પૂજ્ય બાપુએ આ દુ:ખદ કરુણાતિકામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી અને તેમના પરિવારજનોને રુપિયા ૫૧,૦૦,૦૦૦ (એકાવન લાખની) સહાય પરેષિત કરી છે. આ રાશિ એર ઈન્ડિયાના સતાવાળાઓ પાસેથી વિગતો મેળવી શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા પહોંચતી કરવામાં આવશે. વિતિય સેવા લંડન સ્થિત રામકથાના શ્રોતા શ્રી રમેશભાઈ સચદેવની છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે શ્રી હનુમાનજીનાં ચરણોમાં પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.



ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી - ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ (ટ્રૈંઇ) ખાતે તારીખ: ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫ માં ૧૧ માં આંતરરાષ્ત્રિય યોગ દિવસ નિમિત્તે તારીખ ૦૧/૦૬/૨૦૨૫ થી તારીખ: ૨૧/૦૬/૨૦૨૫ સુધી ૨૧ દિવસીય યોગ શિબિર નું આયોજન કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના કર્મચારી તથા વિદ્યાર્થીઓને વિવિધ આસનો અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા. જ્યારે આજ રોજ ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ પ્રોટોકોલ દ્વારા યોગ કરી સર્વ લોકો એ સ્વસ્થ રહેવા માટે સંકલ્પ લીધો. આ સમગ્ર સંચાલન જી.ટી.યુ.ના રમત-ગમત વિભાગ દ્વારા સ્પોર્ટ્સ ઓફિસર ડૉ.આકાશ ગોહિલ ના માર્ગદર્શનમાં ટ્રૈંઇ કોલેજના આચાર્યશ્રી ડૉ.ચિરાગ વિભાકર સાહેબ ના સાનિધ્યમાં સંસ્થાના રમત ગમત પ્રશિક્ષક ડૉ.સાધુ નરહરિપ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું.આ સફળ આયોજન બદલ ટ્રૈં ના માનનીય વાઈસ-ચાન્સેલર ડૉ. રાજુલ કે. ગજ્જર મેડમ અને કુલસચિવ ડૉ. કે. એન. ખેર સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી યશવંત મહેતા ના ૮૮માં જન્મદિવસ ની ઉજવણી.... અમદાવાદના આશ્રમરોડ ખાતે આવેલા આત્મહોલમોં ઓમ કોમ્યુકિશન દ્વારા જાણીતા સાહિત્યકાર પત્રકાર બાળ લેખક શ્રી યશવંત મહેતા ના ૮૮ માં જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. સાહિત્ય પ્રેમીઓની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી યશવંત મહેતા પરિવાર સહ હાજર રહ્યા હતા. તેમણે પોતાની ૮૮ વરસની જીવનગાથા લાગણીભરી રીતે વર્ણવી હતી.ગુજરાત પત્રકાર સંઘના પ્રમુખ શ્રી બી. આર.પ્રજાપતિ,ઉપપ્રમુખ શ્રી જગદીશ બ્રહ્મભટ્ટ,જોઈન્ટ સેક્રેટરી વિનય પંડ્યા, કાર્યાલય મંત્રી જગદિશ મેવા, કારોબારી મેમ્બર રમણલાલ પ્રજાપતિ,પ્રતુલભાઈ બ્રહ્મભટ્ટ,ખજાનચી નિલેશ વોરા તેમ જ અન્ય પત્રકાર મિત્રો ઉપસ્થસ્થિત રહ્યા હતા. શ્રી યશવંત મહેતા નું પુષ્પમાળા, શાલ, તેમ જ શ્રીમદ ભગવત ગીતા નું પુસ્તક અરપન કરીને ભાવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધાનેરા તાલુકામાં ગ્રામ પંચાયતની ચુંટણીમાં ૧૦૦ બુથ ઉપર ૮૪૪૫૫ મતદારો કરશે મતદાન

બનાસકાંઠા જિલ્લાની ૬૧૪ ગ્રામ પંચાયતો પૈકી ૪૦૫ સરપંચની બેઠકો તથા ૩૫૭૦ વોર્ડના સભ્યોની બેઠકો માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૯૦ સરપંચ અને ૨૪૭૮ સભ્યો બિન હરીફ જાહેર થયા પછી બાકી રહેતા ૬૧૪ ગ્રામ પંચાયતમો રવિવારે મતદાન થનાર છે. જેથી દરેક તાલુકા મથકેથી શનિવારે વિવિધ ચુંટણી અધિકારીઓ દ્વારા ચુંટણીના મતદાન માટે બુઈથ રવાના કરવામાં આવ્યા હતા. જેમાં ધાનેરા તાલુકાની વાત કરવામાં આવેતો ધાનેરા તાલુકામાં ૧૦૦ બુથ ઉપર મતદાન થનાર છે જેમા માટે ૫૧૫ લોકોને આ કામગીરી સોપવામાં આવેલ છે. ધાનેરા મામલતદાર જે આર મહેતાએ જણાવેલ કે ૪૩ ગ્રામ પંચાયતોમાં ચુંટણી છે જેમાં ૧૧ રુટ બનાવીને તમામ ટીમોને દરેક ગ્રામ પંચાયત ખાતે રવાના કરવામાં આવેલ છે. તેમજ પોલિસ દ્વારા પણ ચુસ્ત પોલિસ બંદોવસ્ત માટે એક ડી વાય એસ પી, એક પોલિસ ઈસ્પેક્ટર, ત્રણ પી એસ આઈ, ૯૯ પોલિસ જવાનો, ૧૪૧ જી આર ડી તેમજ ૨૦ એસ આર પી ના જવાનો રાખવામાં આવ્યા છે. જેથી ધાનેરામાં શાંતિપૂર્ણ મતદાન થાય તેવી કામગીરી કરવામાં આવી રહી છે. ધાનેરા તાલુકામાં જે પંચાયતોની ચુંટણી છે તેમાં ૮૪૪૫૫ મતદારો મતદાન કરવાના છે.



વિશ્વ યોગ દિવસ નિમિત્તે આજે તા.૨૧ જૂન ૨૦૨૫ સવારે ૧૦-૩૦ કલાકે મનોદિવ્યાંગ બાળકોની શારીરિક માનસિક વિકાસશીલતાર્થે સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ-ગાયત્રી પરિવાર નારણપુરા-લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સહયોગથી ભારતીબેન સોલંકી દ્વારા નિઃશુલ્ક યોગ-ધ્યાન શીબીર કાર્યક્રમ અંતર્ગત આયોજન અમદાવાદ,નવાવાડજ,અખબાર નગર સર્કલ નજીક આવેલ સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન સંસ્થા ખાતે યોજવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના અંતે તાજેતરમાં અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં દિવગંત થયેલાની આત્મ શાંતિ માટે મૌન તથા ઈજાગ્રસ્તોના સ્વાસ્થ્યનું સંવર્ધન જલદી થાય તે માટે સૌ ઉપસ્થિતો દ્વારા વૈદિક ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજય મંત્રના મંત્રોચ્ચાર દ્વારા સમૂહ પ્રાર્થના કરવામા આવી હતી ગાયત્રી પરિવાર નારણપુરાના શ્રી કનુભાઈ પટેલ,લાયન્સ ક્લબના શ્રી ગીરીશભાઈ પટેલ,સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલક શ્રીચંદ્રસિંહ ચૌહાણ હાજર રહ્યા હતા

દરેક બાળકોને ફુલ સ્કેપ ચોપડાનું વિતરણ ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે. આજે કેપીઈએસ ઈંગ્લીશ સ્કૂલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને બાળકો દ્વારા નિયમિત યોગ દ્વારા લોકોમાં સ્થૂળતા દૂર કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. યોગ શિક્ષક આસ્થા ત્રિવેદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



ઇન્ડિયન રેડ ક્રોસસોસાયટી પંચમહાલ જિલ્લા શાખા ગોધરા દ્વારા આયોજિત શતાબ્દી મહોત્સવ રક્તદાન શિબિર આયોજકો રૂણસ્વીકાર અંતર્ગત માનનીય પંચમહાલ જિલ્લાના સમાહર્તા કલેકટર મહોદય શ્રી આશિષકુમાર સાહેબશ્રીના વરદ્ હસ્તે બ્લડ ડોનેશન કેમ્પના આયોજન અને ૪૯બ્લડ ડોનેશન હેતુ મોમેન્ટો શાલ અને એવોર્ડ આપીને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી હોલમાં દબદબા ભેર પંચમહાલ જિલ્લાના મહાનુભાવોની ઉપસ્થિતિમાં એવોર્ડ સન્માન પત્ર સહિત ભાવસભર શબ્દો સાથે સન્માન પ્રાપ્ત કરતા આનંદ અનુભવું છું...લાયન ડૉ ઈન્દ્રવદનપરમાર ઈન્દુભાઈ ગોધરાખુબ ખુબ આભાર માનનીય કલેકટર સાહેબ શ્રી આશિષકુમાર સાહેબ પંચમહાલ જીલ્લો.. પંચમહાલ પ્રશાસન

# ધી ગાંધીનગર નાગરિક કો-ઓપ. બેંક લિ.ના ચેરમેન તથા વાઈસ ચેરમેનએ ચાર્જ સંભાળ્યો તે નિમિત્તે બેંકની હેડ ઓફિસ ખાતે શુભેચ્છા મુલાકાત કાર્યક્રમ યોજાયો



સભાસદશ્રીઓના સાથ અને સહકારથી 'ધી ગાંધીનગર નાગરિક કો-ઓપ. બેંક લિ.ના બિન-હરીફ ચૂંટાયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી હોદ્દેદારોની વરણીમાં ચેરમેન તરીકે મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તથા વાઈસ ચેરમેન તરીકે મહેશસિંહ બી. રાઓલ ચૂંટાયા બાદ તેઓએ તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજથી ચાર્જ સંભાળેલ હતો. જેના ભાગરૂપે બેંક તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ બેંકની હેડ ઓફિસ ખાતે 'શુભેચ્છા મુલાકાત' કાર્યક્રમ યોજાયો હતો. આ શુભેચ્છા મુલાકાતમાં ઈફકોના ચેરમેનશ્રી દીલીપભાઈ સંઘાણી, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરશ્રી મીરાબેન પટેલ, પૂર્વ ડિરેક્ટરશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સહકારી ક્ષેત્રના આગેવાનો તથા ૧૫૦૦ જેટલા સભાસદોએ ઉપસ્થિત રહી ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેનશ્રીને શુભેચ્છાઓ પાઠવી હતી ઉપરાંત શહેરના સાધુ-સંતોએ ઉપસ્થિત રહીને આશિર્વાદ આપ્યા હતા.

# ધાનેરાની વિવેકાનંદ સ્કુલ ખાતે યોગ દિવસ ઉજવાયો

ધાનેરા તાલુકા કક્ષાના યોગ દિવસની ઉજવણી વિવેકાનંદ વિધાલય ખાતે કરવામાં આવી હતી. જેમાં વિધાર્થીઓ સહિત ૨૦૦૦ કરતા વધારે લોકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં હાજર રહી હતી. આ કાર્યક્રમમાં ધાનેરા પ્રાંત અધીકારી કલ્પેશ ઉનડકટ, ભાજપ અગ્રણી ભગવાનભાઈ પટેલ, મામલતદાર જે આર મહેતા, પોલિસ ઈસ્પેક્ટર એમ જે ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી, આરોગ્ય અધિકારી, સંસ્થાના પ્રમુખ દેવાભાઈ પટેલ, માર્કેટના ચેરમેન વિરલભાઈ પટેલ, ભાજપ અગ્રણી વસંતભાઈ પુરોહિત, તાલુકા ભાજપ મહામંત્રી દિનેશભાઈ ચૌધરી, તમામ સરકારી કચેરીઓના અધિકારી, કર્મચારીઓ સહિત ધાનેરાના મોટાભાગના અગ્રણીઓ સહિત શાળાના શિક્ષકો અને વિધાર્થીઓ પણ આ યોગ દિવસમાં જોડાયા હતા.

# ભારત વિકાસ પરિષદ મુખ્ય શાખા ડીસાના નવા વરાયેલા હોદ્દેદારોનું જલારામ મંદિર ખાતે કરવામાં આવેલ શાનદાર સન્માન

ડીસા નગરમાં અનેકવિધ સેવાભાવી સંસ્થાઓ કાર્યરત છે.ભારત વિકાસ પરિષદ મુખ્ય શાખા ડીસાના નવા હોદ્દેદારોની તાજેતરમાં જ વરણી કરવામાં આવેલ છે.સંસ્થાના નવા વરાયેલા પ્રમુખ દીપકભાઈ માધવાણી, મંત્રી આશીષભાઈ જોષી, સહમંત્રી રોહિતભાઈ ચોકસી,ખજાનચી મહેશભાઈ લેબોરેટરીવાળા સહિત સમગ્ર ટીમે ગત ગુરુવારે પૂજ્ય જલારામ બાપાના મંદિરે દર્શન કરી આશીર્વાદ લીધા હતા.જલારામ મંદિરના ટ્રસ્ટી ભગવાનભાઈ બંધુએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તમામ હોદ્દેદારોનું કંકુતિલક તેમજ ફૂલછડીથી સન્માન કરી સામૂહિક રીતે સાલ ઓઢાડી જલારામ મંદિર ડીસા તરફથી અઢળક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.પ્રમુખ દીપકભાઈ માધવાણી, મંત્રી આશીષભાઈ જોષી,મહિલા સંયોજીકા રચનાબેન ત્રિવેદી ,સહસંયોજીકા શીલાબેન મહેશ્વરી સહિત સૌએ તેમનો પ્રતિભાવ આપી ડીસા નગર તેમજ ભારત દેશની સેવા માટે કટિબધ્ધતા વ્યકત કરી હતી.જલારામ મંદિરના પ્રમુખ કનુભાઈ આચાર્ય તેમજ ઉત્તર ગુજરાત પ્રાંત ભારત વિકાસ પરિષદના અગ્રણી ડો. અજયભાઈ જોષીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

આ પ્રેરણાદાયી અવસરે વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ સર્વશ્રી બળદેવભાઈ રાયકા, કલ્પેશભાઈ - લાલાભાઈ ઠક્કર, દીલીપભાઈ રતાણી, મહેશભાઈ મનવર, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, રમેશભાઈ પટેલ, પરેશભાઈ જીવરાણી, પરેશભાઈ ગોકલાણી, આનંદભાઈ પી.ઠકકર,નારણભાઈ મલકાણી,ભેમાભાઈ ત્રિવેદી, હિતેશભાઈ સોનપાલ સહિત ખૂબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.સૌએ મહાઆરતી તેમજ ખીચડી-કઢી પ્રસાદનો લાભ લીધો હતો.

# ઘડીમાં શું થવાનું છે?

ન જાણ્યું'તુ પ્રવાસીએ ઘડીમાં શું થવાનું છે;
રૂપાળા એ જ વિમાને મોતને ભેટવાનું છે!
હતાં અરમાન , આશાઓ અને કૈં કૈં તમન્નાઓ
બધું સૌ એક ક્ષણમાં ભષ્મ થઈ ઉડી જવાનું છે.

હતાં વર્ષોનાં તપ એમાં હતાં જીવનનાં સપનાઓ
ન જાણ્યું સૌ શુકન,આશિષ એ નિષ્ફળ થવાનું છે!
હતો ના વાંક ના ગુનો, હતી ના ભુલ એ સૌની
બધિર થઈ ને વિધાતાએ બધું ચોપટ કરાવ્યું છે!

પ્રભુ ! જાણું, ભલે ને આજ હું અભિમાનમાં રાચું
જીવન મરણ તુજ હાથ ને સાચું શરણ તું જ છે!
ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!
ન જાણ્યું'તુ પ્રવાસીએ ઘડીમાં શું થવાનું છે!

ગીતા ભટ્ટ.( જુન /૧૩/ ૨૦૨૫




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું